**રે.દી.મુ.નં.-૩૮/૨૦૧૧**

***-:: આંક: ૭૨ ની અરજી લગત હુકમ ::-***

---

૧. વાદી ધ્વારા હાલની અરજી સી.આર.પી.સી. ઓર્ડર- ૫ રૂલ-૨૦ મુજબ આપવામાં આવેલ છે.

૨. વાદીની અરજીની હકીકત મુજબ આ કામના વાદીએ દાવાવાળી મીલકત બાબતે પ્રતિવાદીઓ ઉપર દાવો દાખલ કરેલ છે અને દાવા દરમ્યાન પ્રતિવાદી નં.૨ નાઓનુ અવસાન થેલ છે જેથી વાદીએ તેના વારસો જોડવા માટે અરજી આપેલી છે પરંતુ કોઈ કારણ સર સદર પ્રતીવાદીના વારસોની નોટીસની બજવણી થયેલ નથી પ્રતીવાદી નં. ૨ ના વારસોને સાંભળ્યા સીવાય વાદીની અરજી તળે હુકમ થઈ શકે તેમ ન હોય જેથી પ્રતિવાદી નં. ૨ ના વારસો (૧) દિપીકાબેન મુકેશભાઈ બીજી પત્ની (૨) અર્પિતાબેન મુકેશભાઈ પુત્રી (૩) તૃપ્તીબેન મુકેશભાઈ પુત્રી તમામ રહે. દહેગામ, તા.દહેગામ જી.ગાંધીનગર ને બજવણી થયેલ નથી. જેથી પ્રતિવાદીને સદરહું દાવાનું સમન્સ બજવવું ન્યાયના કામમાં જરુરી હોય સી.પી.સી. ઓ.-૫ રૂલ-૨૦(૧-ક) મુજબ વર્તમાનપત્રમાં સમન્સ બજાવવા માટે ન્યાયીક હુકમ મેળવવો જરુરી છે. જેથી પ્રતિવાદીઓને વર્તમાનપત્રમાં સમન્સ બજવવા માટે હુકમ કરવા તથા સમન્સનો બીડો વર્તમાનપત્રમાં છપાવવા વાદીને આપવા અરજ કરેલ છે. વધુમાં વર્તમાનપત્રમાં સમન્સ છપામણીનો જે કાંઈ ખર્ચ થાય તે વાદી બારોબાર વર્તમાનપત્રને ચુકવી આપી તેનું પાકુ બીલ નકલ સાથે નામ.કોર્ટમાં જમા કરાવવા ખાતરી આપેલ છે.

૩. અરજી વંચાણે લીધી. વાદીના વિ.વ.શ્રીને સાંભળ્યા. વાદીના કથન મુજબ પ્રતિવાદી નં. ૨ ના વારસો (૧) દિપીકાબેન મુકેશભાઈ બીજી પત્ની (૨) અર્પિતાબેન મુકેશભાઈ પુત્રી (૩) તૃપ્તીબેન મુકેશભાઈ પુત્રી તમામ રહે. દહેગામ, તા.દહેગામ

જી.ગાંધીનગર કે જેઓની નોટીસ બજેલ નથી.  અને તેઓના સરનામાની કોઈ જ વિગત ઉપલબ્ધ નથી.  વાદીએ વારસો જોડવાની અરજીમા જણાવેલ સરનામે કોર્ટ ધ્વારા કારણ દર્શક નોટીસ ઈસ્યુ કરતા પ્રતિવાદી નં. ૨ ના વારસો ત્યાં રહેતા ન હોય કોર્ટે ઈસ્યુ કરેલ નોટીસ મળેલ નથી. પ્રતિવાદી નં. ૨ ના વારસોને  સદરહું દાવાની આગળની કાર્યવાહી માટે કારણ દર્શક નોટીસની બજવણી આવશ્યક છે.  ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં સી.પી.સી.ઓ.–૫ રૂલ–૨૦(૧–ક) હેઠળ કોર્ટને મળેલ સત્તાનો ઉપયોગ કરવાનો વ્યાજબી કેસ હોય અરજી હેઠળ નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–::  હુકમ ::–**

- **અરજી મંજૂર કરવામાં આવે છે.**
- **વાદીએ પ્રતિવાદી નં. ૨ ના વારસો (૧) દિપીકાબેન મુકેશભાઈ બીજી પત્ની (૨) અર્પિતાબેન મુકેશભાઈ પુત્રી (૩) તૃપ્તીબેન મુકેશભાઈ પુત્રી તમામ રહે. દહેગામ, તા.દહેગામ જી.ગાંધીનગર માટે ગુજરાતમાં બહોળી પ્રસિધ્ધી ધરાવતા દૈનીક વર્તમાનપત્રમાં સમન્સની જાહેર પ્રસિધ્ધી પોતાના ખર્ચે કરાવી સમન્સની બજવણી કરાવવી.**
- **વાદીએ મુદત તા.૨૧/૦૪/૨૦૨૫ સુધીમાં બજવણી કરી અને વર્તમાનપત્ર બીલ સાથે રજૂ કરવું.**
- **આજ તા.૧૦/૦૩/૨૦૨૫ ના રોજ જાહેર કર્યો.**

(વિશાલ પી.મહેતા)

મુ.દહેગામ — પ્રિન્સી.સીવીલજજ દહેગામ

તા.૧૦/૦૩/૨૦૨૫ — **UIC : GJ 01538**